DN:
email=mail@realpatidar.com
Date: 2017.11.25 18:27:06
+05'30'

OE 68 – Patidar Sandesh supports Sanatan Movement / પાટીદાર સંદેશ દ્વારા સનાતની મોહીમને ટેકો

realpatidar.com

તા. ૨૫-૧૧-૨૦૧૭

જય લક્ષ્મીનારાયણ,

સામાન્ય રીતે કેન્દ્રિય સમાજ તેમજ સનાતન ધર્મના વિરુદ્ધ અથવા સનાતની મોહીમ ઢીલી પડતા કામોની ટીકા આપણા રીયલ પાટીદાર વેબસાઈટ ઉપર થતી હોય છે.

તે પ્રમાણે આથી આગાઉ પાટીદાર સંદેશ દ્વારા થયેલ સનાતની મોહીમને ઢીલી પાડતા લખાણોનું સવિસ્તાર મુદ્દાસર તમની ભૂલ બતાવતા લખાણ જનતા સામે મુકવામાં આવેલ હતાં.

પણ આજે જ્યારે પાટીદાર સંદેશે સનાતન ધર્મ અને કેન્દ્રિય સમાજના તરફેણમાં લખ્યું છે, ત્યારે તેમની વાતને વધાવી લેવાની ફરજ પણ એટલીજ છે. ભલે અમુક બાબતોમાં હજી તેમની પાસે સમાજની જે આશા અને અપેક્ષા છે, તેના પર તે ખરા નથી ઉતર્યા, પણ શુરૂવાત કરવા બદ્દલ તેમને ધન્યવાદ પાઠવવો તો રહ્યોજ.

હાલના નવેમ્બર ૨૦૧૭ના અંકના તંત્રી લેખમાં પાટીદાર સંદેશના તંત્રીઓએ જે ઉમિયા માતાજી ઊંઝાએ તા. ૦૮-૧૦-૨૦૧૭ ના સતપંથ વિવાદ અંગે આપેલ નિર્ણયને વધાવી તેનું સાચા Spirit (ભાવના) થી પાલન કરવા સમસ્ત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને જે આવાહન તંત્રીશ્રીઓ તેમના તંત્રો લેખમાં (તંત્રી લેખની નકલ અહીં જોડેલ છે) કરેલ છે, તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

તંત્રીસ્થાનેથી

જ્ઞાતિના વિશાળ હિતમાં શ્રી ઉમિયા માતાજીના નિર્ણયને આવકારીએ એમાં જ આપણી શોભા છે

વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

"પાટીદાર સંદેશ"ના નવેમ્બર માસના Non Stop 440મા અંકની પ્રસિદ્ધિ સાથે, આપ સૌને વિ.સં. ૨૦૭૪ના વર્ષમાં પ્રથમ વાર આ સ્થાનેથી મળતાં અનહદ આનંદ અને હરખની લાગણી સાથે

(અનુ. પાના નં. ૧૭ ઉપર)

realpatidar.com

પાટીદાર સંદેશ (નૂતન વર્ષાભિનંદન અંક-2017) ૧૦મી નવેમ્બર, ૨૦૧૭ (૧૭)

realpatidar.com

તંત્રી સ્થાનેથી... (અનુ. પાના નં. ૧ ઉપરથી ચાલુ)

હૃદયપૂર્વક નૂતન વર્ષ માટેની ભાવભીની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

અમારી ૩૭મા વર્ષની યાત્રા પર્યંત **"પાટીદાર સંદેશ"**ને સર્વાંગી સહ્યોગ આપનાર, આપ સૌ સહ્યોગીઓનો આભાર... આપ સૌને અભિનંદન...

દરમ્યાન, ગત માસમાં, દિપાવલીના સપરમા દિવસો દરમ્યાન આપણા સમાજની ૨ (બે) મુખ્ય સમસ્યાઓ પૈકીની એક સમસ્યા - સનાતન અને સતપંથ વિવાદ અંગે, કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન (ઊંઝા) દ્વારા, આપણા સમાજમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતા સનાતન-સતપંથ વિવાદના નિરાકરણ માટે નિમાયેલ લવાદ કમીટીએ તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ લીધેલ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે (જે આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કરેલ છે.) ત્યારબાદ, તુરંત જ આપણી કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રીએ આ નિર્ણયને આવકારતી/સ્વીકારતી જાહેર અપીલ સમાજજનોને કરેલ છે, જે બદલ તેઓશ્રી અભિનંદનના અધિકારી છે. તે જ રીતે સતપંથીઓ તરફથી પણ નિર્ણયના અમલની પહેલ આવકાર્ય છે.

સમગ્ર સમાજમાં સંપ, સહકાર, સંગઠન અને ભાવાત્મક એકતામાં વધારો થાય તેવા શુભ આશયથી, ઊંઝા માતાજી સંસ્થાનની લવાદ કમીટીએ આપેલ નિર્ણયની પ્રશંસા કરવા માટે અમારી પાસે કોઈ શબ્દો નથી.

અત્યંત સન્માનનીય એવા આ સૌ વડીલોએ, પોતાના અંગત જીવનની વ્યસ્તતામાંથી સમય કાઢીને, બંને પક્ષકારોને સાંભળીને, સમગ્ર બાબતનો ખૂબ જ ગહન અભ્યાસ કરીને જે નિર્ણય આપેલ છે તે બદલ સમિતિના તમામ સભ્યોને **"પાટીદાર સંદેશ"** આદરપૂર્વક વંદન કરે છે અને જાહેરમાં તેઓ સૌનું અભિવાદન કરે છે.

હવે, કચ્છ કડવા પાટીદાર સમાજના બંને પક્ષકારોની એ ફરજ બની રહે છે કે જે ઉચ્ચ અને ઉદાત્ત ભાવનાથી નિર્ણય અપાયેલ છે તેનો સૌ તેવી જ **Spirit** (ભાવના)થી અમલ કરે.

છેલ્લે, લવાદ સમિતિના તમામ સભ્યો મોટાં ગજાના તથા મુઠ્ઠી ઉંચેરા માનવી હોવા છતાં તેમની નમ્રતા પણ જોઈ લઈએ... "મા ઉમિયાએ અમને જે સુજાડ્યું તેવી સુઝબુઝથી આ નિર્ણય આપીએ છીએ."

કાશ..!! મા ઉમિયા અમોને આવી વિનમ્રતા આપે.

હાલના તબક્કે બસ આટલું જ.

(કરમશીભાઈ પટેલ)

* તંત્રીઓ *

તા. ૨-૧૧-૨૦૧૭
(અમદાવાદ)

(શામજીભાઈ પટેલ)

(મણિભાઈ પટેલ 'વિલાપ')
* સહયોગી *

પાટીદાર સંદેશના તંત્રીઓ પાસે, ઊંઝાના વડીલોની માફક, આપણી સનાતન સમાજના આગેવાનો જે આશા રાખે છે, તેમાં તેમનો સહયોગ સાચા Spirit થી મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ. આને આપણી જ્ઞાતિ સંપૂર્ણ રીતે એક થઇ, સનાતન હિંદુ ધર્મ પાળતી થઇ જાય, તેવા કાર્યોને વધુ વેગ આપતા પ્રોતસાહન વધારતા લેખો પાટીદાર સંદેશના માધ્યમથી લોકોને મળે તેવી આપણા સર્વેથી લાગણી અને માંગણી રહેશે. સમાજ ધાર્મિક રીતે શુદ્ધ સનાતની બને અને સંગઠિત થાય તેવી આપણી મા ઉમિયા પાસે પ્રાર્થના.

લી.

રીયલ પાટીદાર

realpatidar.com

Download: https://archive.org/details/rpoe68